# HIV Awareness ના કાર્યક્રમનો અહેવાલ (જાસપુર)

ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી અંતર્ગત Extension Activity Cell દ્વારા **જાસપુર અને દંતાલી ગામને દત્તક લીધેલ. જેમાં જાસપુર ગામમાં HIV Awerness કાર્યક્રમનો તા.16/02/2021 ને મંગળવારના રોજ બપોરે 01:30 કલાકે આયોજન કરેલ.** ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીએ જાસપુર ગામના આરોગ્ય ખાતા સાથે સંલગ્ન રહીને આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. કાર્યક્રમમાં જાસપુરની 70 થી વધારે બહેનોએ ભાગ લીધેલ. HIV Awerness માટે આરોગ્ય ખાતાના ડૉ. કૃણાલ પાટણવાળાને આમંત્રિત કરવામાં આવેલ.

આ કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે યુનિવર્સિટીના ગીતગાન પછી ડૉ. પ્રિયાંકી વ્યાસ (એસોસિયએટ પ્રોફેસર – લાયબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સ) દ્વારા ખેસ ઓઢાડી મહેમાનશ્રી ડૉ. કૃણાલ પાટણવાળાનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ ડૉ. સોનલ ચૌધરી (આસિસ્ટન્ટ પ્રોફેસર – ઈતિહાસ) દ્વારા સ્વાગત વિધિ કરવામાં આવી. ડૉ. સોનલ ચૌધરીએ આપણી યુનિવર્સિટી વિશે ગામની તમામ બહેનોને માહિતી આપી તેમજ આમંત્રિત થયેલ આરોગ્ય ખાતાના ડૉ. કૃણાલ વિશે માહિતી આપી અને તેમનો પણ ખૂબ દિલથી સ્વાગત કર્યું.

સ્વાગત વિધિ બાદ યુનિવર્સિટીના ડૉ. પ્રિયાંકી વ્યાસે (એસોસિયએટ પ્રોફેસર – લાયબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સ) પોતાનું વક્તવ્ય આપ્યું. તેમના વક્તવ્યમાં દરેક મહિલાઓને પોતાના આરોગ્ય વિશે અને ડૉ. કૃણાલ વિશે વિસ્તૃત માહિતી આપી. ડૉ. કૃણાલે પોતાના વક્તવ્યમાં આરોગ્ય ખાતા વિશે સચોટ માહિતી આપી અને ત્યારબાદ HIV રોગ વિશે તમામ બહેનોને વિસ્તૃત માહિતી આપી હતી. HIV નો રોગ શું છે ? તે કેવી રીતે ફેલાય છે.? આ રોગને અટકાવવાના ઉપાયો શું છે.? તેની યોગ્ય માહિતી આપી.

કાર્યક્રમના અંતમાં ડૉ. કૃણાલે ત્યાં હાજર રહેલ બહેનોને HIV Awerness વિશે ઉદ્ભવતા પ્રશ્નો પૂછ્યા અને તેના ઉત્તરો પણ ખૂબ સંતોષકારક રીતે આપ્યા. જાસપુર ગામની બહેનોએ પ્રતિસાદ (ફીડબેક) આપ્યો કે આપની યુનિવર્સિટી દ્વારા આમારા ગામમાં અવારનવાર આવા કાર્યક્રમો થતાં રહે અને અમને તેમજ અમારા જાગૃતતા કેળવાય તેવી વિનંતી કરી. ગામની હાજર રહેલ બહેનો દ્વારા આભાર વ્યક્ત કરી આ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો સંપૂર્ણ સંચાલન ડૉ. પ્રિયાંકી વ્યાસ (એસોસિયેટ પ્રોફેસર – લાયબ્રેરી સાયન્સ) અને ડૉ. સોનલ ચૌધરી (આસિસ્ટન્ટ પ્રોફેસર- ઈતિહાસ) દ્વારા કરવામાં આવી હતી.

આવા કાર્યક્રમના માર્ગદર્શન અને મંજૂરી આપવા બદલ અમે સૌ માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.




આયુષ્માન ભારત
હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર
જાસપુર, તા. કલોલ




Dr. Babasaheb Ambedkar
Open University
Extension Activities Cell






